# એસ.કે.એ. યુ.કે.

**સ્થળ : એસ.કે.એ. હોલ, વીલીયર્સ રોડ, લંડન, એનડબલ્યુ ૨, ૫પીએચ**
**સમય : બપોરે ૩.૦૦ વાગે અને મિટિંગ શરૂ બપોરે ૩.૦૦**

સભાના સંચાલકઃ ભાવિન શાંતિલાલ ખત્રી (પ્રમુખ)
મિનિટસ : કિરણ નરહરી ખત્રી

મિટિંગ ચાલુ થઇ ત્યારે હાજર સભ્ય - ૪૦
કુલ હાજર સભ્યો - ૭૧

એજન્ડા : એસ.કે.એ.ની સપ્ટેમ્બર ૨૦૧૦ની પત્રીકામાં છપાયેલા મુજબ
૧. ૨૦૦૯ વાર્ષિક સામાન્ય સભાની નોંધની મંજૂરી
૨. હિસાબ કિતાબ ૩૧ માર્ચ ૨૦૧૦ ની મંજૂરી
૩. નવા ઓડિટર્સની નિમણુંક
૪. હોલ કેપેસીટી
૫. ગેસના ચુલા અને ટાંકી
૬. અન્ય વિષયો

ભાવિન શાંતિલાલ ખત્રી (બીએસકે) સર્વેનો આવવા માટે આભાર માની મુકેશ વલ્લભભાઇ ખત્રી (એમવીકે) ને એજેન્ડાનો પહેલો મુદ્દો રજુ કરવા વિનંતી કરી.

**૧.૨૦૦૯ વર્ષની સામાન્ય સભાની મિનિટની મંજૂરી**
એમવીકે જણાવ્યુંકે આ વર્ષે પ્રમુખ કે મંત્રી ગત વર્ષની મિનિટસનું વાંચન નહીં કરે પણ સર્વેને જે કોપી આપવામાં આવી છે તે ઉપસ્થિત જ્ઞાતિજન વાંચી લે. દસ મિનિટ બાદ મિનિટસ વિશે ચર્ચા ચાલુ કરવામાં આવશે.
ગિરધરલાલ ભાણાભાઇ બલસારા (જીબીબી) એ જણાવ્યું કે મુદ્દાઓ બરાબર નહોતા. શ્રી અનિલ અમ્રતલાલ હજરતવાલાએ (એએમએચ) જીબીબીની શા કારણથી માફી માંગેલી તે મુદ્દો ૨૦૦૮ની જાહેર સભાની સુધારેલ મિનિટસમાં હાજર નથી.

એએમએચે જણાવ્યુંકે તેમણે ૨૦૦૮ની જાહેર સભામાં જીબીબીની એક વડીલ તરીકે માંફી માંગી હતી નહીંકે તેમણે મહોત્સવમાં આપેલ ભાષણ માટે.
મહેન્દ્ર હરગોવિંદ કાબાવાલા એમએચકે જણાવે છે કે શ્રી જીબીબીનો મુદ્દો ગયા ત્રણ વર્ષથી એજીએમમાં આવી રહયો છે અને હવે આ મુદ્દાને ખતમ કરી દેવો જોઇએ. વારંવાર આ વિશે ચર્ચા કરવાનો કોઇ મતલબ નથી.ભુતકાળની ઘટનાને વાગોળવાથી કાંઇ ફાયદો નથી.

જીબીબીએ સ્વીકાર કર્યો કે આ મુદ્દા માટે તેમને જોઇતી માહિતી મળી ગઇ છે અને હવે તે વિશે વધુ ચર્ચા ભવિષ્યની જાહેર સભામાં કરવામાંનહીં આવે.

**૨૦૦૯ વર્ષની સામાન્ય સભાની મિનિટની શ્રી સુધીર દયારામ ખત્રી** અને **શ્રી નરેશ શાંતિલાલ કાપડિઆએ** મંજૂરી આપી હતી.

**૨. વર્ષ ૨૦૧૦, ૩૧ માર્ચની હિસાબી મંજૂરી**

શ્રી વિનોદ છગનલાલ ખત્રી (વિસીકે) ૩૧ માર્ચ ૨૦૧૦ ના હિસાબની રજુઆત સભા સમક્ષ કરી અને એમવીકે એ અનરીસ્ટ્રીકટેડ અને સામાન્ય ભંડોળ ની અદલા બદલી કરવામાં આવી તે બદલ ખુલાસો આપ્યો હતો.

નવિન દુર્લભભાઇ વખારીઆ (એનડીવી) એ બિલ્ડીંગ સમારકામના ખર્ચામાં ઘટાડો શા માટે છે તે વિશે ખુલાસો માંગ્યો. વિસીકે એ જણાવ્યું કે ગયા વર્ષે કરવામાં આવેલ સમારકામ નો અમુક ખર્ચો આ વર્ષના હિસાબમાં લેવામાં આવ્યો હોવાથી ઘટાડો થયો છે.

એએમએચે આવક જાવક વિશે વિસ્તારની માહિતી આપતા એકાઉન્ટસ આવતા વર્ષથી તૈયાર કરવા કહયું જે વાતનો સભાએ સ્વીકાર કર્યો.

એમએચકે વ્યાજની આવકમાં ઘટાડો થયેલ છે અને આ વિશે કમિટિએ ચર્ચા કરી છે કે કેમ? વિસીકે જણાવ્યું કે ફિકસ ડીપોસીટ જ્યારે સ્માપ્ત થાય છે ત્યારે કમિટિમાં આ વિશે ચર્ચા કરી પગલાં લેવામાં આવે છે.

એનડીવી એ કારોબારી કમિટિના સભ્યો સિવાયના (સંસ્થાના હોલના) ટ્રસ્ટીઓના નામો આ એકાઉન્ટસમાં શા માટે નથી એનો ખુલાસો માંગ્યો. એમવીકે આ વાત માટે આવતી જાહેર સભામાં માહિતી આપવામાં આવશ અને ચર્ચા કરવામાં આવશે.

એએમએચે કહયૂં કે જયારે આ હોલની ખરીદી કરવામાં આવેલ ત્યારના ટ્રસ્ટીઓના નામો ટાઇટલ ડીડસ માં નોંધવામાં આવ્યા હતા. તે નામો દર બે વર્ષે બદલવા માં કમિટિને ઘણી જહેમત ઉઠાવવી પડશે.એનું અમલ કરવું અઘરું પડશે.

એનડીવીનું મંતવ્ય હતું કે આ પરિસ્થિતિ માટે આપણા બંધારણમાં પણ ખુલાસો કરવાની જરૂરત છે. એમવીકેનું માનવું છે કે આ ટ્રસ્ટીઓ એસકેએના વતી કામ કરે છે અને તેઓ કારોબારીની મંજુરી વગર આ હોલને વહેંચીના શકે.

પ્રવિણ ઠાકોરલાલ જરીવાલાએ ટાઇટલ ડીડસ કયાં છે તે પુછતા એમવીકે કહયું કે તેમના હિસાબે તે હોલની સેફ ડીપોસીટમાં રાખવામાં આવેલ છે.

જીતેન્દ્ર ઠાકોરલાલે આ માટે કમિટિએ કાયદાકીય સલાહ લેવી જોઇએ એમ સુચન આપ્યું હતું.

**વર્ષ ૨૦૧૦, ૩૧ માર્ચની** હિસાબને **શ્રી હરેન્દ્ર ધીરજલાલ ખત્રી** અને **શ્રી ચંદ્રકાંત હરકીશનદાસ દમણીયા**એ મંજૂરી આપી હતી.

**૩. નવા ઓડિટર્સની નિમણુંક**

એમવીકે જણાવ્યું કે ઓડિટ ફી એ લગભગ પાઉન્ડ ૪૦૦૦ જેટલી થાય છે પણ પ્રકાશ ઠાકોરલાલ જરીવાલાએ આ ફી પાઉન્ડ ૨૦૦૦ પર મંજુરી મેળવી છે અને આવતા વર્ષે આ ફી વધીને પાઉન્ડ ૨૦૦૦ ઉપરાંત વીએટી હશે.

**શ્રી હીનેશ મહેન્દ્ર ખત્રી** અને ત્યારબાદ **શ્રી દિપક પ્રાણજીવન ખત્રી** એ ઓડિટર્સની નિમણુંકને માન્યતા આપી હતી.

બીએસકે એ કહયું કે તેઓ જાહેર કરવામાં આવેલ મુદ્દા ૫ કરતા મુદ્દા ૪ પર પહેલા ચર્ચા કરવા માંગે છે તો તેઓ એ વિશે સભાની મંજુરી માંગે છે. જે સર્વાનુમતે મળી હતી.

**૪. ગેસના ચુલા અને ટાંકી**

બીએસકે એ કહયું કે ગત સામાન્ય સભામાં નકકી કરવામાં આવ્યા પ્રમાણે સોલારીયા આર્કીટેકટના કાગળ માં હોલની ક્ષમતાજણાવવામાં આવી હતી તે વિશે કાનુની કાગળીયું મેળવવા માટે આગળ વધતા સર્વ પ્રથમ ફાયર બ્રીગેડનો રિપોર્ટ મેળવવામાં આવ્યો. તેમાં ગેસની ટાંકી હોલમાં ના રાખતા હોલાના છાપરે રાખવાનું સુચન આવ્યું છે. હાલની ટાંકી ઘણી ભારી હોવાથી તેને છાપરેથી ઉતારવા એ એક જોખમ હોવાથી કમિટિ એ ગેસની ટાંકી ભાડે આપવાનું હાલ પુરતું બંધ કર્યુ છે.

એમવીકેએ કમિટિના સુચનો જણાવ્યા. ગેસની ટાંકીની ક્ષમતા ૬ કી.ગ્રામ થી ઘટાડીને ૪ કી.ગ્રામ કરવી. ચુલા, જે ઘણા વર્ષોથી સર્વિસ કરાવવામાં નથી આવ્યા તેની સર્વિસ કરાવવા. ચુલા અને ટાંકી ની જાણકારી માટે એક પત્રિકા તૈયાર કરવી અને જે ભાડે લઇ જાય તેમને આપવી.ભાડે લેનાર પોતે જાતે ટાંકીને છાપરે થી ઉતારી લઇ જાય અને પાછી મુકી જાય નહીંતો ડીપોસીટ ગુમાવશે. માત્ર ચુલા જોઇતા હોય તો તે લઇ જઇ શકશે અને લોકો પોતાની ટાંકીની સગવડ કરે.

એમએચકે નું મંતવ્ય હતું કે સંસ્થા એ ટાંકી ભાડે આપવાનું જોખમ ના લેવું જોઇએ. એમવીકેએ જણાવ્યું કે કમિટિએ વિચાર કર્યો છે આ વાત પર અને બંધ કરવાથી જ્ઞાતિજનોને મળતી એક સેવા બંધ કરવાથી મતલબ નથી.

એએમએચે કહયું કે ચુલા મેળવવા વધારે મુશ્કેલ છે અને કમિટિએ જાણકારીની અને નિયમોની પત્રિકાનો જે નિર્ણય લીધો છે તે બરાબર છે.

એચડીકેનું માનવું હતું કે ચુલા ભાડે આપવા ચાલુ રાખવા જોઇએ પણ ટાંકી ભાડે આપવાની બંધ કરે તો ચાલે.

ગણેશ દીપક ખત્રી , ટાંકી ભાડે આપવાથી સંસ્થાને આવક થાય છે તો એ આપણે ચાલું રાખવું જોઇએ. પણ જો કોઇ નિયમોનું પાલન કરીને પણ કોઇ હાનીકારક ઘટના બને તો તેનું શું પરિણામ આવે? એમવીકે એ કહયું કે આપણે જો નિયમોને પાલન કરીશું અને અકસ્માત થાય તો જોખમ કોઇ બહારની કંપની પાસે થી ભાડે લીધું હોય તે બરાબર છે.

ચંદ્રકાંત હરકીશનદાસ દમણીયા સીએચડી, એ કહયું કે આ પ્રશ્ન નવો નથી. પહેલા પણ કમિટિના સભ્યો તેમન ગેરેજમાં ગેસની ટાંકીરાખતા હતા. તેઓ ચુલા મંડળે રાખવા જોઇએ અને કમિટિને લાગતું હોય તો ટાંકી ભાડે આપવાનું બંધ કરે.

બીએસકે એ જણાવ્યું કે કમિટિ માત્ર નવા નિયમો લાવવાની વાત કરે છે નહીંકે ટાંકી ભાડે આપવાનું બંધ કરવાનું.

દીપક પ્રાણજીવન ખત્રી ડીપીકે, અને એમએચકે એ ચુલા રાખવા જોઇએ પણ ટાંકી ભાડે આપવાનું બંધ કરવા સહેમત થયા હતા.

એએમએચે પુછયું કે ટાંકી નહીં હોય તો સોશીયલ ઇવનીંગ માં કેવી રીતે રંધાશે? તથા તેમણે કહયૂં કે જે જ્ઞાતિજન ટાંકી છાપરે ના ચઢાવી જાય તેમની ડીપોસીટ જપ્ત કરી લેવી જોઇએ.

બીએસકે એ ટાંકી છાપરા પર રાખવામાં કોઇને વાંધો છે અને કોઇ બીજી અડચણ ઉભી થઇ શકે તેનાથી એ પ્રશ્ન પુછતા, ડીપીકે જણાવ્યું કે ટાંકી હવાની આપલે થઇ શકે તેવા પાંજરામાં રાખવી જોઇએ. સીએચડી કહયૂં કે ખરીદવામાં આવેલ પાંજરું હેલ્થ એન્ડ સેફટીના નિયમોના પાલન પ્રમાણે બનાવેલ છે.

ટાંકી અને ગેસના ચુલાને છુટા છુટા ભાડે આપવા જોઇએ એ વાતથી સભા સહેમત થઇ હતી અને ટાંકીના ભાડા માટે ૫૦ પાઉન્ડ ડીપોસીટ લેવામાં આવશે અને જે કોઇ ટાંકી છાપરે ના ચઢાવી જાય તેમની ડીપોસીટ જપ્ત કરવાં આવશે તે ઠરાવ બહુમતિ થી પસાર કરવામાં આવ્યો હતો.

**૫. હોલ કેપેસીટી**

હોલની કેપેસીટી ફાયર બ્રીગેડના રિપોર્ટ બાદ ૬૦ની કરવામાં આવી છે. કમિટિ એ સંખ્યાને વધારવા નીચેના પગલા ભર્યા છે.

- સોલારીયા આર્કીટેકટ સાથે વાટાઘાટો ચાલુ છે.
- હોલના પાછલા ભાગમાંથી બીજો દરવાજો તૈયાર થઇ શકે તે માટે અપના બઝાર દુકાનના માલિક સાથે વાર્તાલાપ ચાલુ કરવામાં આવ્યો છે. અને આ દરવાજો બને તો હોલની કદાચ ક્ષમતા બમણી પણ થઇ શકે.
- રાંધવાનું રસોડામાં જ રહેશે અને તેમાં હાલની પરિસ્થિતિ કરતા કંઇ જુદુ નથી

ગણેશ દીપક ખત્રી પુછયું કે જો કોઇ હોલ ભાડે લે અને ક્ષમતા કરતા વધુ માણસો થાય તો શું થાય? એમવીકે એ જણાવ્યું કે જે જ્ઞાતિજને હોલ ભાડે લીધો હોય તે જવાબદાર ગણાશે.

સીએચડી એ કહયૂં કે સંસ્થા જયારે પ્રસંગોપાત બહારના હોલ ભાડે લે છે, તો તેમને પબ્લીક લાયાબીલીટીનો વીમો કઢાવવો પડે છે.

એનડીવી, શું પ્લાનીંગ પરમીશન હોલ બહારના લોકોને આપવા પરવાનગી આપે છ? એમવીકેનું મંતવ્ય હતું કે પરવાનગી ૬૦ લોકો માટે છે અને બહારના લોકો ને પણ હોલ ભાડે આપી શકાય છે.

એમએચકે ને જાણવું હતૂ કે બીજો દરવાજામાંથી  કયાં નીકળાશે? એમવીકે એ જણાવ્યું કે દરવાજામાંથી વીલસ્ડન હાય રોડ પર નીકળાશે.

એસડીકે કહયું કે કોઇ પણ વીમા કંપની ક્ષમતાથી બહાર જતા વીમો આપવા તૈયાર નહીં થાય.

પીટીજેનું મંતવ્ય હતું કે ભુતકાળમાં વધુ લોકો હોલમાં આવતા પણ હાલમાં લોકો આ બાબતસર તકેદારી રાખે છે.

જીતેન્દ્ર ઠાકોરલાલનું કહેવું હતું કે ભુતકાળમાં જયારે તેઓ સંસ્થાનાં મંત્રી હતા ત્યારે વીમા માટે ૭૫ માણસોની ક્ષમતા નોંધાવી હતી પણ પ્લાનીંગ પરમીશન માત્ર ૫૦ લોકો માટે જ છે. લોકો વધારે માણસો ના લાવે તે વાતની તકેદારી લેવી એ સંસ્થા ની  પોતાની જવાબદારી બને છે.

એએમએચે કહયૂં કે હોલની શરતોમાં ભાડે લેનારે પબ્લીક લાયાબીલીટીનો વીમો લેવી એવી એક શરત મુકવી જોઇએ. તેમણે કહયું કે સોલારીઆ આર્કીટેકટનું મંતવ્ય છે કે આપણા હોલમાં ૧૦૦ જેટલા માણસો આરામથી સમાય શકે છે. બીલ્ડીંગ રેગ્યુલેશનના કાયદા ફાયર બ્રીગેડના રિપોર્ટ કરતા વધુ મહત્વના છે. સંસ્થા જયારે બ્રેંટ ટાઉન હોલ ભાડે રાખે છે તો ત્યાં આપણે પણ કદાચ ત્યાંની ક્ષમતા કરતા વધારે માણસો આવવા દેતા હશું.

ડીપીકે એ જાણવા માંગ્યું કે શું પહેલા માળના હોલમાંથી પણ બીજો આગ લાગે ત્યારે બહાર જવા માટેનો દરવાજો મુકવવામાં આવશે? એમવીકેએ કહયું કે તે બાબતસર મકાન માલિક સાથે વાર્તાલાપ થઇ રહયો છે.

મહેન્દ્ર જગમોહન ગોહિલે જણાવ્યુંકે ફાયર બ્રીગેડના રિપોર્ટમાં ઉપરનો ફાયર એકસીટ દરવાજો કાયદાકીય નથી.બીએસકે એ જણાવ્યુંકે ઉપરના દરવાજા માટે જે ફાયર એકસીટની નિશાની હતી તે કાઢી નાખવામાં આવી છે.

એમએચકે એ કહયૂં કે સંસ્થાએ મોટો હોલ લેવાની જરૂર છે. એમવીકે એ કહયૂંકે હાલે આ હોલની ક્ષમતા વધારવી એ એક મુખ્ય ઉદ્દેશ છે, જ્ઞાતિ હજુ મોટા હોલ લેવા માટે તૈયાર નથી.

જીબીબીએ કહયૂં કે તેઓ કદાચ પાઉન્ડ ૧૦૦, ૦૦૦ની ગ્રાંટ તેમની ઓળખાણથી મેળવી આપી શકે તેમ છે.ભુતકાળમાં કદાચ સંસ્થા જમીન મેળવી પોતાનો હોલ બનાવી શકી હોત.

એમવીકે એ જણાવ્યું કે કમિટિ હોલ ભાડેની શરતો તૈયાર કરી જ્ઞાતિજનોને આપશે.

ભરત જગજીવન વખારીઆને જાણવું હતું કે હોલની શરતોનું પાલન થાય છે કે નહીં તે કોની જવાબદારી હશે? એમવીકે એ કહયું કે તે હોલ ભાડે લેનારની ફરજ બનશે.

ડીપીકે એ કહયું કે આ શરતો ન્યુઝ લેટરમાં બહાર પાડવી જોઇએ.

પ્રકાશ ઠાકોરલાલ જરીવાલા, શું સંસ્થા મારફતે આયોજીત કાર્યક્રમોમાં પણ ૬૦ માણસોની ક્ષમતા ની શરત લાગુ પડશે? જે માટે એમવીકે હા પાડી હતી.

અનિલા દ્વિલીપ મોતીરામે રસોડું મોટું હોવું જોઇએ એવી દરખાસ્ત કરી હતી. એમવીકે એ કહયું કે આ સુચન પર કમિટિએ વિચાર કરેલ છે પણ આ વાતનો અમલ કરવો સહેલો નથી.

અંતમાં હોલની ક્ષમતા ૬૦ની જ રાખવી અને હોલ ભાડે આપવા માટેની શરતો માં બદલાવ કરવો જોઇએ એ ઠરાવ બહુમતિએ પસાર કરવામાં આવ્યો હતો.

**૬. અન્ય કાર્ય**
પીટીજેને જાણવું હતું કે કમિટિએ વીમા કંપની શા માટે બદલી હતી? બીએસકે એ જણાવ્યું કે કમિટિએ સંસ્થાના હિતને ધ્યાનમાં રાખી હાલની દરેક શરતો પુરી પાડે તેજ પ્રકારના વીમાનું આયોજન ઓછા ભાવમાં કર્યુ છે.

એચડીકેને જાણવું હતું કે મેમ્બરશીપના ઇનવોઇસ આ વર્ષે શા માટે મોડા આવ્યા હતા? પીટીજે એ કહયું કે હવે કમ્પયુટરથી ઇનવોઇસ તૈયાર કરવામાં આવે છે અને અનિલ જાદવે છેલ્લા છ વર્ષથી ધણી મહેનત કરી એકાઉન્ટસને સમયસર તૈયાર કરવામાં ધણી જહેમત ઉઠાવી છે. આ વર્ષે ક્રિસમસની તથા પીટીજેની રજા થકી થોડું મોડું થયેલ છે.

એસડીકે એ કહયું કે લોકો શા માટે પોતાના ચેક જાતે નથી મોકલી આપતા તો પીટીજેએ કહયું કે તેનાથી કામ વધી જશે કારણકે ચેક અને ડોનેશનને સાથે ટેલી કરવામાં બહુ સમય નીકળી જશે.

સીડીકે હવે ડાયરેકટ ડેબીટથી ઉધરાણું ચાલુ કરવાની પધ્ધિત અપનાવવા સુચન આપ્યું હતું. એમવીકે એ જણાવ્યું કે આ કમિટિ એ બાબતસર પગલાં લઇ રહી છે. પણ આવતા વર્ષે લોકો ઓનલાઇન પૈસા ચુકવે તે પધ્ધિત આ કમિટિ અપનાવવા પગલાં લઇ રહી છે. સીડીકે કમિટિને આ બદલ ધન્યવાદ આપ્યો હતો.

એમએચકે કારોબારી કમિટિને ૫૦ મા વાર્ષિક મહોત્સવની સફળતા માટે ધન્યવાદ આપ્યો અને જ્ઞાતિજનોએ પણ કમિટિને તાળીઓથી વધાવી એમનું અભિવાદન કર્યુ.

એમએચકે એ પુછયુંકે ૫૦ મા વાર્ષિક મહોત્સવનો ખર્ચો કેટલો થયો? વીચીકેએ કહયું કે હોલનો, ખાવાનો અને સ્ટેજનો મુખ્ય ખર્ચો ૫૦૦૦૦ પાઉન્ડની અંદર હતો. પણ બીજા ખર્ચા ગણતા લગભગ ૬૨ ૦૦૦ પાઉન્ડનો ખર્ચ થયેલ છે. ભેટ અને બીજી આવક લગભગ ૫૦૦૦૦ પાઉન્ડની આસપાસ થયેલ છે. હજુ અમુક બહારગામથી ભેટ આવવાની બાકી છે.

એએમએચનું કહેવું હતું કે ગીફ્ટ એઇડ સાથે ભેટની રકમ લગભગ ખર્ચ બરાબર થશે માટે સંસ્થાને ખોટ જાય તેમ લાગતું નથી.એમએચકે એકહયું કે જેઓ આટલો બધો ખર્ચ શા માટે કરવો જોઇએ તે સવાલ કરતા હતા તેઓ તથા આપણે બધાએ માનવું જોઇએ કે ૫૦ મા વાર્ષિક મહોત્સવ સર્વે રીતે સફળ વાર્ષિક મહોત્સવ હતો.

રશ્મી ભુપેન્દ્ર ખત્રીને જાણવું હતું કે ૫૦ મા વાર્ષિક મહોત્સવની ડીવીડી કયારે બહાર પાડવામાં આવશે? એમવીકે એ જણાવ્યું કે દ્વિવાળી પાર્ટીમાં બહાર પાડવામા આવશે પણ એનો દર હજુ નકકી કરવામાં નથી આવ્યો.

ડીપીકે એ જણાવ્યું કે વીડીયોવાળા ભાઇને જણાવવું જોઇએ કે જો કોઇ તેનો સંપર્ક કરે તો તે ડીવીડી ના આપે પણ મંડળ પાસેથી જ લેવા આગ્રહ કરે.

અંતમાં બીએસકેએ આજની સભામાં ૭૧ જ્ઞાતિજનો ઉપસ્થિત હતા તેમ જાહેર કર્યુ અને રાજ પ્રવિણચંદ્રનો આજની સભા માટે માઇક, સ્પીકરની સુવિધા પુરી પાડવા માટે તેમનો આભાર માન્યો હતો. તથા ટુંક સમયમાં જ્ઞાતિજનો સંસ્થાની વેબ સાઇટ પર જઇ ઓન લાઇન ડીરેકટરી જોઇ શકશે તે વાતની જાહેરાત કરી.

બધા હાજર રહેલનો આભાર માની આ સભા સાંજે ૫ઃ૩૦ વાગે બરખાસ્ત કરાય.

Ratified by ………………………………………..
Bhavin Shantilal Khatri – President

Ratified by ………………………………………..
Mukesh Vallabhbhai Khatri – Secretary

Dated ………………………………………..